ત્રણ મહાદેવ ભકતો ચૂંટણીમાં વિજયી બન્યા

જિલ્લાના ત્રણ આગેવાનો અન્ય જિલ્લાની બેઠક પર વિજયી બન્યા

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર જિલ્લાના પ્રસિધ્ધ વૈજનાથ મહાદેવની પૂજા જિલ્લાના ત્રણ રાજકીય મહાનુભાવો ને વિધાનસભાની ચૂંટણીમાં ફળી છે.

વૈજનાથ મહાદેવ પ્રત્યે અતૂટ શ્રધ્ધા આ ત્રણેય મહાનુભાવો ધરાવે છે. આ મહાનુભાવોમાં વાસન ગામના વતની અને આ મહાદેવના ટ્રસ્ટના પ્રમુખશ્રી શંકરસિંહ વાઘેલા, તેમના દિકરા મહેન્દ્રસિંહ વાઘેલા તેમજ ગાંધીનગર (દ)ની બેઠક પર ચૂંટાઈ આવેલા શ્રી શંભુજી ઠાકોરનો સમાવેશ થાય છે.

શ્રી શંકરસિંહજી વાઘેલા તેમના કોઈ પણ મહત્વના કાર્યારંભે મહાદેવના દર્શને અવશ્ય જાય જ છે એટલું જ નહિ ગાંધીનગરમાં હોય ત્યારે અવશ્ય મંદિરે દર્શન કરવા જાય છે. મહેન્દ્રસિંહ વાઘેલા પણ નિયમિત રીતે મહાદેવના દર્શને જતા હોય છે.

તો ગાંધીનગર (દ)ની બેઠક પર ચૂંટાયેલા શ્રી શંભુજી ઠાકોર દરેક પૂનમ અને શ્રાવણ માસમાં અવશ્ય પગપાળા દર્શને જાય છે અને ત્યાં બિલી પણ ચડાવે છે. તેઓ વહેલી સવારે પદયાત્રા કરી દર્શન કરવા જાય છે.

વિધાનસભાની આ સામાન્ય ચૂંટણીમાં ગાંધીનગર (ઉ)ની બેઠક પરથી વિજયી થયેલા શ્રી અશોક પટેલ પંચદેવ મંદિર અને સે-૧૭ના હનુમાનજીના મંદિરે નિયમિત દર્શન કરવા જાય છે.

જિલ્લાના ત્રણ આગેવાનો જિલ્લા બહાર ચૂંટણી લડતા હતા અને ત્રણેય આગેવાનો આ ચૂંટણીમાં વિજયી થયા છે તે પણ એક નોંધનીય ઘટના છે.

પૂર્વ મુખ્યમંત્રી શ્રી શંકરસિંહજી વાઘેલા કપડવંજની બેઠક પરથી, શ્રી મહેન્દ્રસિંહજી વાઘેલા બાયડની બેઠક પરથી વિજયી થયા છે તો જાખોરાના વતની શ્રી પૂનમભાઈ મકવાણા સુરેન્દ્રનગર જિલ્લાની દસાડાની અનામત બેઠક પરથી વિજયી થયા છે.

(તસવીર : દિપક જાની)

શિયાળો આવે એટલે સામાન્ય રીતે કસરત અને યોગનો મહિમા નાગરિકોમાં જોવા મળતો હોય છે.... જ્યારે બીજી તરફ શાળાઓમાં રમતોત્સવનો મહિમા વધુ જોવા મળે છે... ગાંધીનગરની માઉન્ટ કાર્મેલ સ્કૂલનો શનિવારે રમતોત્સવ ઉજવાઈ ગયો. શાળાના બાળકોએ વિવિધ રમતોમાં ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો.

વાઈબ્રન્ટ સમિટને પગલે શહેરના મુખ્ય માર્ગોને કોસ્મેટીક ટ્રીટમેન્ટ

સેન્ટ્રલવર્જને કલર, માર્ગો પર કેટખાઈ અને થર્મોપ્લાસના પટ્ટા જંગલ કટીંગ સફાઈ માટે તંત્રની ટીમ કામે લાગી : ડીઝીટલ બોર્ડસ પણ આકર્ષણનું કેન્દ્ર બનશે

ગાંધીનગર, ૨૨

વાઈબ્રન્ટ સમિટની પૂર્વ તૈયારીઓ આરંભી દેવાઈ છે. ચૂંટણી પરિણામ જાહેર થયા બાદ તંત્ર પણ હવે વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી ગતિવિધિઓ આરંભી દેવાઈ છે. વાઈબ્રન્ટને લઈ વિવિધ ઠેકાણે ડીઝીટલ બોર્ડ પણ મુકી દેવાયા છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પ્રક્રિયા બાદ જાહેર થયેલા પરિણામોના તૈયારીમાં ગળાડૂબ બન્યુ છે. શહેરના માર્ગો, ફૂટપાથ, સેન્ટ્રલવર્જને કોસ્મેટીક ટ્રીટમેન્ટ આપવાની અંતે હવે વાઈબ્રન્ટ સમિટના પડઘમ વાગી રહ્યા છે. દેશ-વિદેશથી આવનારા મહેમાનોના આગમનને લઈ બ્યુટીફીકેશનને સ્પર્શતા પરિબળો તરફ તંત્રનું ધ્યાન કેન્દ્રીત થયું છે. આગામી મહિનામાં યોજાનાર વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી તંત્ર કક્ષાએથી તડામાર તૈયારીઓ આરંભી દેવાઈ છે. શહેરના તમામ માર્ગોને કોસ્મેટીક ટ્રીટમેન્ટ આપવા તંત્રની ટીમ કામે લાગી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર નગરના મુખ્ય માર્ગો આસપાસ સ્થિત ફૂટપાથની આભા વધારવા કર્લિંગનું રીપેરીંગ, સેન્ટ્રલવર્જનને ઓઈલ પેઈન્ટના પટ્ટા માર્ગો ઉપર ફેરવાઈ તેમજ થર્મોપ્લાસ્ટના પટ્ટા લગાવવાનું કામ શરૂ કરી દેવાયુંછે. આ ઉપરાંત વૃક્ષોને પણ ગેરૂ-ચુનાથી સુશોભિત કરવા સહિત જંગલ કટીંગ અને સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી છે. વધુમાં વૃક્ષો આસપાસ તૂટેલા ખોખાને પણ નવારૂપ રંગ આપવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. આ સઘળી કામગીરી પાછળ અંદાજિત રૂ. ૧.૫૦ કરોડનો ખર્ચ થયાનો અંદાજ છે. વાઈબ્રન્ટ સમિટના પગલે સમગ્ર શહેરનો ગેટઅપ બદલવા માર્ગોને કોસ્મેટીક ટ્રીટમેન્ટ આપવાનું કામ હાથ ધરાયું છે. વધુમાં શહેરના પ્રવેશદ્વારે પણ ચ-૦ થી કોબા વચ્ચેના માર્ગ પર સફાઈ સુશોભનનું કામ શરૂ કરી દેવાયું છે. જ્યારે શહેરમાં વિવિધ ઠેકાણે વાઈબ્રન્ટને લઈ ડીઝીટલ બોર્ડ પણ લગાડી દેવાયા છે.

(તસવીર : દિપક જાની)

માધવસિંહજીની ખબર-અંતર પુછતા શંકરસિંહજી વાઘેલા

ગાંધીનગર, તા. ૨૨

પૂર્વ મુખ્યમંત્રી શ્રી માધવસિંહ સોલંકીને આજે સારવાર માટે ગાંધીનગર નજીકની એપોલો હોસ્પિટલમાં દાખલ

કરવામાં આવ્યા છે.

શ્રી માધવસિંહજી સોલંકીની ખબરઅંતર પુછવા માટે આજે પૂર્વ મુખ્યમંત્રીશ્રી શ્રી શંકરસિંહજી વાઘેલા એપોલો હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા. શ્રી વાઘેલાએ આજે તેમની મુલાકાત લઈ અને ઝડપથી તેઓ સ્વસ્થ થાય તે માટેની શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી.

આ બન્ને કોંગી નેતાઓ વચ્ચે અર્ધોકલાક સુધી મુલાકાત ચાલી હતી. શ્રી સોલંકીને છાતીમાં દુઃખાવો થતાં પહેલા યુ.એન.મહેતા હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. તેમને સારવાર માટે આજે એપોલો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

ગાંધીનગર સીવીલ હોસ્પિટલના ફોન કેબલ કપાઈ જતા દર્દીઓને ભારે હાલાકી

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર સિવીલ હોસ્પિટલના ફોન કેબલ કપાઈ જતાં મૂંગા થઈ જવા પામ્યા છે અને ઉભી થયેલી આ પરિસ્થિતિમાં દર્દીઓને ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે.

ગાંધીનગર સિવીલ હોસ્પિટલમાં મેડીકલ કોલેજના બાંધકામની કામગીરી હાલ પૂરજોશમાં ચાલુ હોવાથી વારંવાર ફોનના કેબલ કપાઈ જવાથી ફોન બંધ થઈ જવાની ઘટનાઓ વારંવાર બની રહી છે. આ મુદ્દે સિવીલ સત્તાવાળાઓ અને બાંધકામની કામગીરી સંભાળતી એજન્સી વચ્ચે સતત તણખા ઝરતા હોવાના પણ બનાવો બની રહ્યા છે. જો કેબાંધકામ એજન્સીઓદ્વારા સિવીલની કોઈ રજુઆત સાથે સહમત થતા નથી અને વારંવાર આ કેબલ કપાઈ જતા હોવાનો મુદ્દો હવે લગભગ નિત્યક્રમ જેવો બની ગયો છે.

જો કે ફોન આવશ્યક સેવાના જ બંધ થઈ જતાં લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. જિલ્લા કક્ષાની એકમાત્ર સિવીલ હોસ્પિટલ જ સૌથી મોટું કેન્દ્ર છે પણ ટેલિફોન તંત્રની આડાઈ, બાંધકામ એજન્સીઓની આડાઈ અને સિવીલ સત્તાવાળાઓ પણ મૌન બની સમગ્ર બાબતે કંઈ પણ કહેવાનો ઈન્કાર કરી રહ્યા છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સિવીલ કોમ્પસમાં ચાલી રહેલી બાંધકામ પ્રવૃત્તિને કારણે અહિં મચ્છરોની ઉત્પત્તિ પણ વધુ જોવા મળી રહી છે તો બીજી તરફ લોકો માટે આવશ્યક સેવા ગણાય તેવા ફોન પણ મૂંગા થઈ પડયા છે. સરકારે તાત્કાલિક દરમિયાનગીરી કરીઆ મુદ્દાનો સવેળા ઉકેલ લાવવો જોઈએ તેમ નગરવાસીઓ અને જિલ્લાવાસીઓ ઈચ્છી રહ્યા છે.

ધો. ૧૧ વિ. પ્રવાહના પ્રથમ સેમેસ્ટરનું પરિણામ આવતીકાલે

ફિઝીક્સના પ્રશ્નપત્રમાં ૧૧ ગુણ ઉમેરી દેવાશે

ગાંધીનગર, ૨૨

ગત્ નવેમ્બર મહિનામાં લેવાયેલી ધો. ૧૧ વિજ્ઞાનપ્રવાહના પ્રથમ સેમેસ્ટરની પરીક્ષાનું તા. ૨૪ ડિસેમ્બરે પરિણામ જાહેર થશે. ગાંધીનગર જિલ્લાના ૫૩૪૭ વિદ્યાર્થીઓએ આ પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા આપી હતી. પરીક્ષા દરમ્યાન ફિઝીક્સના પેપરમાં ૧૧ ગુણના છબરડાઓ હોવાની ફરિયાદ ઉઠવા પામી હતી. જો કે આ મામલે વિદ્યાર્થીઓ અને વાલીઓના આક્રોશ બાદ તમામ વિદ્યાર્થીઓને આ ગુણ ઉમેરી આપવાનો બોર્ડ કક્ષાએ નિર્ણય લેવાયો હોવાનું પણ ધ્યાને આવ્યું છે.

ગત નવેમ્બર મહિનાના પ્રારંભે ધો. ૧૧ વિજ્ઞાનપ્રવાહના પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા લેવાઈ હતી. ગાંધીનગર જિલ્લામાં ૨૪ પરીક્ષા કેન્દ્રો પર પરીક્ષાલક્ષી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ગાંધીનગરમાં ૧૭ કેન્દ્ર અને ૨૦૪ બ્લોક અને ચાંદખેડામાં ૩ પરીક્ષા કેન્દ્રો અને ૩૨ બ્લોક આ ઉપરાંત કલોલ અને માણસાના ૪ કેન્દ્રો અને ૨૭૨ બ્લોકમાં પરીક્ષા લેવાઈ હતી. જેમાં શહેરમાંથી ૪૦૬૦ ચાંદખેડામાંથી ૬૦૬, કલોલમાંથી ૪૧ અને માણસામાંથી ૨૬૨ સહિત કુલ ૫૩૪૭ વિદ્યાર્થીઓએ પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા આપી હતી. પ્રથમ સેમેસ્ટરની પરીક્ષા દરમિયાન ફિઝિક્સના પ્રશ્નપત્રએ વિદ્યાર્થીઓને રડાવ્યા હતા. વિદ્યાર્થીઓને અઘરા લાગેલા આ પ્રશ્નપત્રમાં ૧૧ ગુણના છબરડા હોવાની ફરીયાદો ઉઠવા પામી હતી. જેમાં પ્રશ્નના જવાબમાં આપેલ વિકલ્પો પણ સાચા ન હોવાથી વિદ્યાર્થીઓ મુઝાયા હતા. માધ્યમિક શિક્ષણ બોર્ડના આ પ્રશ્નપત્રમાં ગંભીર છબરડાઓથી રોષે ભરાયેલા વિદ્યાર્થીઓ અને વાલીઓએ બોર્ડ સમક્ષ ફરિયાદ કરી હતી. જો કે બોર્ડ કક્ષાએથી રાજયના ૧.૧૭ લાખ વિદ્યાર્થીઓને ૧૧ ગુણ ઉમેરી દેવાનો નિર્ણય લેવાયો હોવાનું પણ ધ્યાને આવ્યું છે. સોમવારે પ્રથમ સેમેસ્ટરની આ પરીક્ષાનું પરિણામ પણ જાહેર થશે.

બેસણું

ગામ : શીલજ, હાલ રહેવાસી ગાંધીનગરના **શ્રીમાળી કાન્તીલાલ બબાભાઈના પુત્ર નગીનભાઈનું** અકાળ અવસાન થયેલ છે. પ્રભુ એમના આત્માને શાંતિ આપે. **સ્વર્ગસ્થનું બેસણું અને સામાજીક લૌકિકક્રિયા તા. ૨૩/૧૨/૧૨ને રવિવાર રોજ સવારે ૯-૦૦ કલાકે** ગાંધીનગર ખાતે રાખેલ છે.

સ્થળ : સેક્ટર-૭બી, પ્લોટ નં. ૪૭૧/૨, પરિમલ એપાર્ટમેન્ટની બાજુમાં, ગાંધીનગર

લિ.

શ્રીમાળી કાન્તીભાઈ બબાભાઈ (પિતા) શ્રીમાળી મંજુલાબેન કાન્તિભાઈ (માતા)
શ્રીમાળી જિતેન્દ્ર કાન્તીભાઈ (ભાઈ) શ્રીમાળી દિનાબેન નગીનભાઈ (પત્ની)
શ્રીમાળી નિર્મલ નગીનભાઈ (પુત્ર) શ્રીમાળી નિકિતાબેન જુતેન્દ્રભાઈ
શ્રીમાળી માનસી નગીનભાઈ (પુત્રી) તથા વિશ્વાસ દાદાનો પરિવાર

જાહેર નિવિદા

સભ્ય સચિવશ્રી, સંસ્કૃતિ કુંજ પ્રતિષ્ઠાન અને કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, બ્લોક નં. ૧૧/૩, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરને કચેરીની કાર માટે કરાર આધારીત પગાર ધોરણે એક ડ્રાઈવરની નિમણુંક ૧૧ માસ માટે કરવાની છે. આ માટેનો વોક-ઈન-ઈન્ટરવ્યુ આ કચેરી ખાતે તા. ૨૯/૧૨/૨૦૧૨ના રોજ બપોરે ૧૨-૩૦ કલાકે રાખવામાં આવેલ છે. તો આ કામગીરી કરવામાં રસ ધરાવતા ડ્રાઈવરોએ પોતાના અનુભવના પ્રમાણપત્ર, ડ્રાઈવીંગ લાઈસન્સ અને પોતાની સામે કોઈ પોલીસ કેસ થયેલ નથી તેની વિગતો સાથે પોતાને ખર્ચે હાજર રહેવું.

સહી/-
સભ્ય સચિવ
સંસ્કૃતિકુંજ પ્રતિષ્ઠાન અને
કમિશનર - યુવક સેવા અને
સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર

માહિતી/૭૭૯૫/૧૨-૧૩

ખુબ ખુબ આભાર

શ્રી નરેન્દ્રભાઈ મોદી
મુખ્યમંત્રીશ્રી, ગુજરાત રાજ્ય

શ્રી ઠાકોર નાગરજી
ધારાસભ્યશ્રી, રાધનપુર

સમી, રાધનપુર, સોમલપુરના વ્હાલા નાગરિકો, સ્નેહીઓ આપે ભારતીય જનતા પાર્ટીને તથા મને જંગી બહુમતીથી જીતાડી વિજયી અપાવવા બદલ ગુજરાત તથા રાધનપુરના તમામ નાગરિકો તથા કાર્યકર્તાઓ અને મતદાર ભાઈઓ-બહેનોનો હૃદયપૂર્વક આભાર માનુ છું.

લિ.
શ્રી નાગરજી ઠાકોર
ધારાસભ્યશ્રી, રાધનપુર

આજે મંગલ શુભારંભ

વૈભવલક્ષ્મી મેડીકલ એન્ડ ઝેરોક્ષ

દરેક જાતની દેશી તેમજ વિલાયતી તથા પશુઓની દવાના વિક્રેતા અને ઝેરોક્ષ કોપી કાટનાર

શુભ ઉદ્ઘાટન : પૂ. વંદનીય સંતશ્રી સદારામ બાપુના વરદ્ હસ્તે
શુભારંભ : સંવત ૨૦૬૯ના માગસર સુદ-૧૧ને રવિવાર તા. ૨૩-૧૨-૨૦૧૨ના રોજ

નિમંત્રક
શ્રી વિપુલભાઈ દાનાભાઈ પટેલ (અઘગામ)
મો. : ૯૯૭૯૮ ૯૮૧૩૮

શુભસ્થળ
વૈભવલક્ષ્મી મેડીકલ એન્ડ પ્રોવિઝન સ્ટોર્સ તથા ઝેરોક્ષ
ઠે. જુના પોલીસ ક્વાર્ટર્સની બાજુમાં, હાઈવે રોડ,
થરા-૩૮૫૫૫૫, તા. કાંકરેજ. જી. બનાસકાંઠા
મો. : ૯૯૧૩૦૪૬૬૩ ● મો. ૯૭૨૭૭ ૩૦૪૫૯

શુભેચ્છક
શ્રી દાનાભાઈ ભગુભાઈ પટેલ
શ્રી ડો. વિજયભાઈ દાનાભાઈ પટેલ
શ્રી મેડીકલ એસોસીએશન - થરા
શ્રી ડોક્ટર એસોસીએશન - થરા

સંબંધિત ફર્મ
શ્રી રાજભાઈ ટ્રેડર્સ
(શ્રી માનસુગભાઈ વી. પટેલ)
(ગંજ બજાર - થરા)
શ્રી ચોધરી કરશનભાઈ રમાભાઈ
(ગંજ બજાર - થરા)

SANGHI CEMENT · KisaN · vaRaNa500 · SANGHI STEEL - ISI · BENELAVE · H.FIXIT · TMT BARS - ISI · TATA STEEL • PIPES • SHEETS · ashirvad C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com